**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૫ ટકા

# શાકભાજીના ભાવોમાં અધધ વધારો

## સતત વરસાદના કારણે શાકભાજીના ભાવો બેફામ બન્યા : ગૃહિણીઓનું બજેટ ખોરવાયું : બટાકા-ડુંગળી પણ ખુબ મોંઘા

### શાકભાજીના ભાવ

| | |
|---|---|
| ટામેટા | ૫૦-૬૦ રૂ. કિલો |
| બટાકા | ૪૦-૫૦ રૂ. કિલો |
| ડુંગળી | ૪૦-૫૦ રૂ. કિલો |
| ભીંડા | ૪૦ રૂ. કિલો |
| પરવર | ૧૦૦ રૂ. કિલો |
| ટીંડોળા | ૮૦-૯૦ રૂ. કિલો |
| કંકોડા | ૧૫૦-૧૬૦ રૂ. કિલો |
| દૂધી | ૮૦-૯૦ રૂ. કિલો |
| રીંગણ | ૮૦-૯૦ રૂ. કિલો |
| કોબીજ | ૫૦-૬૦ રૂ. કિલો |
| ગવાર | ૧૦૦-૧૨૦ રૂ. કિલો |

ગાંધીનગર, તા.૧

સમગ્ર ગુજરાતમાં છેલ્લા કેટલાય દિવસોથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સતત વરસાદના કારણે શાકભાજીની આવક ઘટતાં શાકભાજીના ભાવો ખુબ વધી ગયા છે. મોટા ભાગના શાક ૮૦ થી ૧૦૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યાં છે. શાકભાજીના ભાવો વધતા ગૃહિણીઓ ચિંતાતુર બની છે. વધતા ભાવોથી બજેટ ખોરવાઈ ગયું છે.

થાળીમાંથી શાકભાજી ગાયબ થઈ જાય તેવો ભાવવધારો હાલમાં જોવા મળી રહ્યો છે. હાયકારો નીકળી જાય તેવા શાકભાજીના ભાવ જોવા મળી રહ્યા છે. રીંગણ અને દૂધી જેવી સાવ સસ્તામાં મળતા શાકનો ભાવ ૬૦ થી ૭૦ રૂપિયે કિલો થઈ ગયો છે તો ટામેટા અને ડુંગળી-બટાકા જેવા રોજબરોજ વપરાતા શાકના ભાવ પણ આસમાનને આંબી રહ્યા છે. શાકના ભાવ એટલા ઉંચા છે કે ગૃહિણીઓએ તેની ખરીદી ઓછી કરી દીધી છે અને શાકના અન્ય વિકલ્પો શોધવામાં લાગી ગઈ છે. કોથમીર, ફુદીનો, મરચાં, આદુનો ભાવ પણ આસમાનને આંબી રહ્યો છે.

આટલા અધધ ભાવવધારા બાબતે વેપારીઓ જણાવી રહ્યા છે કે હાલમાં શાકભાજીની આવક જ ખૂબ ઓછી છે. આવક ઓછી રહેતાં ભાવ ઉંચકાયા છે. કેટલાય માર્ગો વરસાદના કારણે બંધ હોવાથી શાકભાજી માર્કેટ યાર્ડમાં આવી શકતી નથી રાજય બહારથી આવતી શાકભાજીની આવક પણ ખૂબ જ મંદ હોવાથી ભાવો ચડયા છે. સતત વરસાદના કારણે શાકભાજીનો ઉતાર ઓછો છે. ખેતરોમાં પાણી ફરી વળ્યા છે. વળી શાકભાજીમાં બગાડ પણ ખૂબ હોવાથી શાકની આવક ઓછી રહેતા ભાવો ચડયાં છે. હજુ આગામી પંદર વીસ દિવસ સુધી આવો જ ભાવવધારો સહન કરવો પડશે તેવું વેપારીઓ જણાવી રહ્યા છે.



## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા લાડુમાં વિવિધતા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ગણેશ મહોત્સવ નિમિત્તે ૩૧ ઓગષ્ટના રોજ લાડુમાં વિવિધતા સ્પર્ધા તથા ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનો દ્વારા દાળિયાના લાડુ, કેળાના લાડુ, લીલા ટોપરાના લાડુ, મોતીચુર, ટોપરાના, ગોળ ચુરમાના લાડુ, રવા બેસનના લાડુ, સીંગ ટોપરા સાથે સૂકા ટોપરાના લાડુ સાથે સુગર ફ્રી ઓટસના લાડુ બનાવવામાં આવ્યા હતા.

જેમાં પ્રથમક્રમે દક્ષાબેન જાદવ આવ્યા હતા. જેમણે હેલ્ધી સુગર ફ્રી ઓટસના મોદક બનાવ્યા હતા. દ્વિતિય ક્રમે ટોપરાના ડ્રાયફ્રુટ સ્ટફ્ડ લાડુ બનાવી શાંતાબેન મજબુદારે મેળવ્યો હતો. તૃતીય ક્રમે ઈન્દુબેન પટેલ જેમણે સીંગ





ટોપરાના લાડુ બનાવ્યાહ તા અને ચતુર્થ ક્રમે આયાબેન ગોર આવ્યા હતા. જેમણે કેળાના લાડુ બનાવ્યા હતા. આરતીબેન દવેને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૩ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. વિજેતા તમામને ઈનામ આપવામાં આવ્યું હતું. કોરોનાની મહામારીને ધ્યાનમાં લઈ ગણેશજીને ઈમ્યુનિટી લાડુ ધરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન પ્રમુખ પ્રતિમાબેન દવેએ કર્યું હતું તથા નિર્ણાયક તરીકે જયશ્રીબેન ભટ્ટે સેવા આપી હતી.

# ગણપતિ બાપ્પા મોરિયા પુઢચ્યા વર્ષી લવકર યા...





ગાંધીનગર, તા.૧

ગણેશ ચતુર્થીના દિવસથી શહેરના ઘરે ઘરે બાપાનું આગમન થઈ ગયું હતું. અમુક નગરજનોએ ૧ દિવસ તો અમુક દ્વારા ૩, ૫, કે ૭ દિવસ તથા અમુક નગરજનો દ્વારા દસ દિવસ સુધી ગણપતિ બાપાની સ્થાપના કરવામાં આવી હતી. આ વર્ષે વિસર્જન કુંડ બનાવ્યા ન હોવાથી તમામ નગરજનો ઈકો ફ્રેન્ડલી મૂર્તિ તરફ વળ્યા હતા અને મોટા ભાગના નગરજનોએ તો પોત પોતાના ઘરમાં જ માટીની મૂર્તિ બનાવી હતી. આમ પણ આ વર્ષે ઘરની બહાર જઈ શકાય તેમ ન હતું અને યુવાનો સાથે મોટાઓ પણ કોરોનાને કારણે કાંઈક નવું કરવા ઈચ્છતા હતા એટલે આ સમય ભગવાન માટે પણ અર્પણ કરવો જરુરી લાગ્યો તેવું નગરના મોટાઓનું કહેવું છે. અનેક નાના બાળકોએ કલે દ્વારા પણ બાપાની મૂર્તિ બનાવી છે. સાથે સાથે અનેક નગરજનોએ ભગવાનના ખેસ અને મુગટ પણ જાતે બનાવ્યા છે. મંગળવારે ૧૦ દિવસ પૂર્ણ થતા નગરજનોએ ગણપતિબાપાને પોતપોતાના ઘરે જ વિસર્જન કરી વિદાય આપી હતી. નગરજનોએ પૂરતો સમય આપીને પૂરા ભક્તિભાવથી ગણપતિબાપાનું પૂજન કર્યું છે કારણકે કોરોનાને કારણે અનેક પાસે સમય પણ હતો સાથે નગરના અનેક પરિવારોએ પ્રસાદ પણ ઘરે જ બનાવ્યા હતા. આ સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરી અને ઘરોમાં ગણપતિ બાપાની પૂજા આરતી અને વિસર્જન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આવતા વર્ષે બાપા વહેલા પધારે તેવી નગરજનો દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી.



**કરાઈ પાસે આવેલ નદીમાં અનેક નગરજનો દ્વારા મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું તે પણ પ્રેમથી નહિ પૂલની ઉપરથી ઘા કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા વિસર્જન કુંડ બનાવવામાં આવ્યા નથી અને કોરોનાને કારણે ગણેશજીની મૂર્તિના વિસર્જન માટે મનાઈ ફરમાવવામાં આવી છે.**

## સોનારડા ગામે જુગાર રમતા ૩ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર તાલુકાના સોનારડા ગામે ખોડીયાર માતાજીના મંદિર પાસે આવેલી ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ શકુનીઓને પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે દાવ પરથી રૂ.૧૪૦ અને જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૩,૧૩૦ મળી કુલ રૂ. ૩,૨૭૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ડભોડા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે સોનારડા ગામે જુગાર રમાઈ રહ્યો છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈને રેઈડ પાડતા જુગાર રમી રહેલા સોનારડા ગામના રતિજી ગાભાજી ઠાકોર, વિષ્ણુજી બાબુજી ઠાકોર, અને જનકભાઈ રૂપસંગભાઈ ઠાકોરને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ. ૩,૨૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય શકુનીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## શિક્ષિત બેરોજગાર સમિતિના ૬ સભ્યો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર,તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે બેઠક માટે એકઠા થયેલા શિક્ષિત યુવા બેરોજગાર સમિતિના ૬ સભ્યો સામે જાહેરનામા ભંગ અને મહામારી અધિનિયમ હેઠળ ગુનો નોંધાયો છે. શિક્ષિત બેરોજગાર સમિતના સભ્યો માસ્ક વિના, મંજુરી વિના અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવ્યા વિના એકઠા થયેલા સભ્યો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

શિક્ષિત બેરોજગાર સમિતિ દ્વારા પોતાની માંગણીઓ પુરી કરવા માટે ગાંધીનગર ખાતે એકઠા થઈ આંદોલન કરવાની અને મુખ્યમંત્રી તેમજ રાજયપાલને આવેદન પત્રો આપવાની જાહેરાત કરી હતી. ત્યારે ગાંધીનગરના વિવિધ સ્થળો એ ખાનગી રીતે રોકાણ કરીને ભેગા થવા અંગે માહિતી પોલીસને મળી હત જેને પગલે પોલીસે સેકટર-૨૧ આનંદકૃપા હોસ્ટેલ ખાતે ચેકીંગ કર્યું હતું. જયાં હોસ્ટેલની લોબીમાં માસ્ક વિના, સોશિયલ ડિસ્ટન્સ વગર તેમજ માસ્ક વિના ૬ યુવકો નજરે પડ્યા હતા.પોલીસે યુવકોને પુછતાછ કરતા તેઓએ બેરોજગાર સમિતિના સભ્યો હોવાનું અને આગામી કાર્યક્રમ અંગે એકઠા થયા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે ગોંડલના યુવરાજસિંહ અનિરુધ્ધસિંહ જાડેજા, આનંદકૃપા હોસ્ટેલ ખાતે રહેતા જીવણ ગોરધનભાઈ દવે(ઉં.૩૭), દિનેશ ખીમજીભાઈ ભાટા (ઉં.૨૪), બાબુ દલારામ દરજી (ઉં.૨૯), મહિસાગરના વડાગામનો નિરવ નરેશભાઈ જોષી (ઉં.૨૮), નડીયાદ વિસ્કવેર રેસીડન્સી ખાતે રહેતા જતિન સુરેશકુમાર મકવાણા (ઉં.૨૨) ની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે તમામ યુવકો સામે મહામારી અધિનિયમ અને જાહેરનામા ભંગની ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની જનતા રેડ આંદોલન સમિતિની બેઠક સેકટર-૭-સી શિવશક્તિ મંદિર ખાતે મળી હતી. સે-૭ વસાહત મંડળ ના પ્રમુખ લાલુભા વાઘેલાના પ્રમુખ સ્થાને બેઠેલી આ બેઠકમાં સેકટર-૭ એ, બી, સી, ડી ના વસાહતીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, પ્રદીપસિંહ બિહોલા, રાજેન્દ્ર પારેખ, કે. પી. સોલંકી, હરેશભાઈ પટેલ, જયેશભાઈ આગજા , સી. કે. સોની, રામેશ્વર લોટ, કાનજીભાઈ દેસાઈ, ઘનશ્યામસિહ ગોલ, હેમાંશુભાઈ ભચેચ હાજર રહ્યા હતા. આ બેઠકમાં વસાહતીઓએ પોતાના સ્થાનિક પ્રશ્નો રજુ કર્યા હતા.

બેઠકમાં મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ધાધર તેમના વોર્ડ ના પ્રતિનિધી તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વસાહતીઓ દ્વારા રજૂ કરેલ સમસ્યાઓ રૂબરુ સાંભળી હતી. સાથે દરેક સમસ્યાઓ માટે વ્યક્તિગત ધ્યાન આપી નિવારણ લાવવાની ખાતરી આપવામાં આવી હતી. સાથે તમામ બાબતો પ્રત્યે સરકારનું ધ્યાન દોરવામાં આવશે તેમ પણ જણાવાયું હતું. ઉલ્લેખનીય છે કે, સંસ્થા દ્વારા જનતા રેડ આંદોલન જયાં સુધી તમામ પ્રશ્નોનો નિવારણ નહી આવે ત્યાં સુધી ચાલુ રાખવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

શહેરમાં અત્યારે રખડતાં ઢોરોની સમસ્યા ખૂબ વધી જવા પામી છે. સેકટર-૭ના શોપીંગ સેન્ટર આગળ ગાયોનો ત્રાસ ખૂબ વધી જવાને કારણે શાક ખરીદવા આવતી ગૃહિણીઓ સહિતના ગ્રાહકો તથા શોપીંગ સેન્ટરના મુલાકાતીઓ માથે અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે.



### ચિરવિદાય

- સ્વ. સોલંકી હરિશચંદ્ર બહાદુરસિંહ, ઉ.વ. ૩૧, વલાદ, તા. ગાંધીનગર
- સ્વ. જગદીશભાઈ ત્રીકમલાલ પાધ્યા, ઉ.વ. ૭૫, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. કલ્પેશભાઈ ચંદ્રકાન્તભાઈ પટેલ, ઉ.વ. ૪૧, સેકટર-૪, ગાંધીનગર
- સ્વ. મકવાણા પરિમલકુમાર નવટરભાઈ, ઉ.વ. ૨૬, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ કમુબેન વીશાભાઈ, ઉ.વ. ૯૫, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ચાવડા ઘનશ્યામસિંહ જીલુસિંહ, ઉ.વ. ૫૦, લાકરોડા, તા. ગાંધીનગર
- સ્વ. ચંદ્રકાન્ત પુનમચંદ ભાવસાર, ઉ.વ. ૭૫, સેકટર-૨૪, ગાંધીનગર

# કોરોના કાળનું પરિવર્તન : હવે લગ્નના આયોજનમાં 'ગ્રીન વેડિંગ'ની બોલબાલા

## નિશ્ચિત સ્થળે નજીકના પારિવારક સભ્યોની ઉપસ્થિતિમાં લગ્ન યોજાય અને બાકીના મિત્રો-સગા-સ્નેહીજનો વર્ચ્યુઅલ હાજરી આપે : હસ્ત મેળાપ બાદ તુરંત દરેકના ઘરે 'ભોજન' પહોંચી જાય તેવી અગાઉથી વ્યવસ્થા સાથેનું આયોજન

ગાંધીનગર, તા.૧

વિશ્વભરમાં છેલ્લા છ માસથી નોવેલ કોરોના વાયરસે કહેર મચાવ્યો છે અને સમગ્ર માનવજાત પર અભૂતપૂર્વ અસર ઉભી કરી છે. ભારતભરમાં પણ નાગરિકોની જીવનશૈલીમાં ઘણું પરિવર્તન આવ્યું છે. જન્મથી માંડીને મરણ સુધી તેમજ તે દરમિયાન જીવનના વિવિધ મુકામે ઉજવાતા કે નિભાવાતા પ્રસંગોમાં રીત રિવાજોમાં કે વ્યવહારોમાં નવી રીત રસમો દાખલ થવા પામી છે જે અગાઉ કયારેય જોવા મળી નહોતી. ભારતીય સંસ્કૃતિમાં લગ્ન પ્રસંગ હંમેશા એક ઉત્સવની જેમ ઉજવાતો રહ્યો છે અને ભારતીય લગ્નો પર વિશ્વની અનેક ટીવી ચેનલ્સ તથા સાંસ્કૃતિક ક્ષેત્રે સંશોધનાત્મક કાર્ય કરતી એજન્સીઓ દ્વારા ડોકયુમેન્ટરી ફિલ્મો કે સિરિયલ્સ તેમજ પુસ્તકોનું પણ પ્રકાશન થઈ ચુકયું છે. જો કે કોરોનાના પગલે હવે ઝાકમઝોળ ભર્યા ભારતીય લગ્નોત્સવોએ હવે નવું સ્વરૂપ ધારણ કર્યું છે જેને 'ગ્રીન વેડિંગ' કોન્સેપ્ટથી ઓળખવામાં આવી રહ્યું છે.

કોરોના વાયરસને કારણે લોકડાઉન દરમિયાન તમામ પ્રકારના સામાજિક પ્રસંગો પર સરકારે પ્રતિબંધ મુકયો હતો જેને કારણે વૈશાખની લગ્ન સીઝન તદ્દન કોરી જવા પામી હતી. જો કે અનલોકના વિવિધ સ્ટેજે લગ્ન પ્રસંગના આયોજન માટે તબક્કાવાર છૂટ આપવામાં આવી હતી. જેમાં પહેલા ૫૦ વ્યકિતની હાજરીની મર્યાદા હતી તે હવે હટાવી લેવામાં આવી છે પરંતુ અત્યારે પાર્ટી પ્લોટની કેપેસિટી કરતા અડધી એટલે કે ૫૦ ટકા સંખ્યામાં જ મહેમાનોને આમંત્રિત કરી શકાશે તેવી શરતી છૂટ આપવામાં આવી છે. આ સાથે સોશ્યલ ડિસ્ટન્સ, ફરજિયાત માસ્ક, સ્થળનું સેનેટાઈઝેશન તેમજ સ્થળ પર સેનેટાઈઝરની સુવિધા વગેરેનું પાલન કરવું પણ આવશ્યક છે. આમ છતાં કોરોના વાયરસ સંક્રમણનો ખતરો તો માથે મંડરાતો રહે છે અને અત્યારે જે રીતે કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધી રહી છે તે જોતાં અનેક પરિવારો દ્વિધામાં મુકાયેલા હતા. આ સ્થિતિને અનુલક્ષીને હવે વેડિંગ ઈવેન્ટ ઓર્ગેનાઈઝર્સ દ્વારા સાવચેતીના પગલા સથે ઝાકમઝોળ ભર્યા લગ્ન સમારંભ, ઓછા ખર્ચમાં આયોજિત કરવા 'ગ્રીન વેડિંગ'નો કોન્સેપ્ટ પ્રસ્તુત કરવામાં આવી રહ્યો છે.

### શું છે 'ગ્રીન વેડિંગ' કોન્સેપ્ટ?

'ગ્રીન વેડિંગ'માં મર્યાદિત જગ્યામાં સજાવટ કરવામાં આવે છે તેમજ રૂબરૂ ઉપસ્થિત મહેમાનોની સંખ્યા મર્યાદિત હોય છે જેમાં નજીકના કુટુંબીજનો જ સામેલ હોય છે. બીજી તરફ જેમને લગ્ન પ્રસંગમાં બોલાવવા જરૂરી હોય તેવા તમામ મિત્રો-સગા-સ્નેહીજનો પણ દૂર રહીને લગ્નના મુખ્ય પ્રસંગ હસ્તમેળાપ વખતે હાજર હોય છે અને વરઘોડીયાને આશીર્વાદ પણ પાઠવે છે. વળી, તેમને હસ્તમેળાપ પતે એટલે તરત જ ફુડ પેકેટ પહોંચી જાય તેવી વ્યવસ્થા પણ ગોઠવાયેલી હોય છે. આ સીસ્ટમમાં લગ્નપ્રસંગ ઓછા ખર્ચમાં, ઓછી દોડધામ તથા ઓછા જોખમ સાથે થાય છે તેથી તેને 'ગ્રીન વેડિંગ' કહેવાય છે.



'ગ્રીન વેડિંગ' અનુસાર જેના ઘરે લગ્નપ્રસંગ છે તે બંને પરિવારો સંયુકત રીતે એક જ પાર્ટી પ્લોટ કે હોલ બુક કરાવી ખૂબ નજીકના મર્યાદિત સંબંધીઓ-સ્નહીજનોને લગ્ન સમારંભમાં આમંત્રણ આપે છે અને બાકીના તમામ સ્નેહીજનો સગા-સંબંધીઓને લગ્ન સમારંભમાં ઓનલાઈન હાજરી આપવાનું આમંત્રણ પાઠવવામાં આવે છે. ગ્રીન વેડિંગમાં મર્યાદિત સમયમાં મોટે ભાગે દોઢ થી બે કલાકમાં સમગ્ર લગ્નવિધિ આટોપી લેવામાં આવે છે જેમાં હસ્તમેળાપના સમયે આમંત્રિતો વર્ચ્યુઅલ હાજરી આપી આશીર્વાદ પાઠવે છે તેમજ ઓનલાઈન વ્યવહાર જમા કરાવે છે. હસ્તમેળાપ પછી તરત જ તે મહેમાનોને ત્યાં ફુડ પેકેટસ પહોંચી જાય તેવું આયોજન અગાઉથી ગોઠવાયેલું હોય છે જેથી લગ્નમાં જમાડયા નહી તેવો કોઈ સગા-સ્નેહી આક્ષેપ કરી શકે નહીં.